**Extra No. 267**

© सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]** **FRIDAY, SEPTEMBER 19, 2025 / BHADRA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-વાઘોડિયા-યુનીટ-૫-૨૦૨૫.**

**વાઘોડિયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.**

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા KV 33 of 2024/UDUHD/CMO/e-file/18/2023/1647/M તા.૧૩/૦૨/૨૦૨૪થી વડોદરા જિલ્લામાં વાઘોડીયા ગ્રામ પંચાયત, મદોધર ગ્રામ પંચાયત અને ટીમ્બીગામ ગ્રામ પંચાયત ભેળવી વાઘોડીયા નગરપાલિકાની રચના કરવામાં આવેલ.

સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૨/૦૫/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ KV 169 of 2025/UDUHD/CMO/e-file/18/2023/1647/M તેમજ તા.૨૪/૦૭/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃGV/251of 2025/UDUHD/CMO/e-file/18/2023/1647/M વાળા જાહેરનામાથી વડોદરા જિલ્લાની વાઘોડીયા નગરપાલિકામાં તવરા ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV 68 of 2025/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૦૫/૦૨/૨૦૨૫થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, વાઘોડિયા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ ની વસ્તીગણતરીના આંકડાના આધારે વાઘોડિયા નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૪ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV 68 of 2025/UDUHD/mwd/e-file/18/2024/3057/M, તા.૦૫/૦૨/૨૦૨૫થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૩૫૪૯ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૯૨૫ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૬ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે. તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના

આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉત્તરતો ક્રમ નક્કી કરી ઉત્તરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવેલ કુલ ૨ (૧ તે વર્ગની સ્ત્રી બેઠકો સહિત) રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુસૂચિત જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨ | ૪૦૭૮ | ૮૦૫ | ૧૯.૭૪ |
| ૨ | ૬ | ૩૯૮૪ | ૩૭૩ | ૯.૩૬ |
| ૩ | ૪ | ૪૧૦૮ | ૩૫૫ | ૮.૬૪ |
| ૪ | ૩ | ૩૫૬૨ | ૨૩૬ | ૬.૬૨ |
| ૫ | ૫ | ૩૭૬૪ | ૨૪૯ | ૬.૬૧ |
| ૬ | ૧ | ૪૦૫૩ | ૮૧ | ૧.૯૯ |
| કુલ | | ૨૩૫૪૯ | ૭૨૦ | |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ અને માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૨ | ૬ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવેલ કુલ ૪ (ચાર) બેઠકો પૈકી સ્ત્રી માટે ૨ (બે) બેઠક રાખવાનું નક્કી થયેલ છે.

સને. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૩૫૬૨ | ૧૧૦૧ | ૩૦.૯૦ |
| ૨ | ૧ | ૪૦૫૩ | ૧૧૨૮ | ૨૭.૮૩ |
| ૩ | ૫ | ૩૭૬૪ | ૫૮૫ | ૧૫.૫૪ |
| ૪ | ૬ | ૩૯૮૪ | ૫૬૫ | ૧૪.૧૮ |
| ૫ | ૪ | ૪૧૦૮ | ૫૨૭ | ૧૨.૮૨ |
| ૬ | ૨ | ૪૦૭૮ | ૩૬૯ | ૯.૦૪ |
| કુલ | | ૨૩૫૪૯ | ૪૨૭૫ | |

૧૬. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૭. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૩, ૧, ૫ અને ૬માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૨ | ૨ | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૩ | ૩ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૪ | ૪ | ૬ | અનુસૂચિત જાતિ |

૧૮. જાહેરનામા અન્વયે ૫ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૯. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૫ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૬ બેઠકો પૈકી ૨ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. વાઘોડિયા નગરપાલિકાના સૂચિત ૬ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી | વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૫ | ૩૭૬૪ | ૧૪૧૭ | ૩૭.૬૪ |
| ૨ | ૩ | ૩૫૬૨ | ૧૧૮૧ | ૩૩.૧૫ |
| ૩ | ૨ | ૪૦૭૮ | ૧૨૭૩ | ૩૧.૨૧ |
| ૪ | ૧ | ૪૦૫૩ | ૧૧૦૬ | ૨૭.૨૮ |
| ૫ | ૬ | ૩૯૮૪ | ૬૮૦ | ૧૭.૦૬ |
| ૬ | ૪ | ૪૧૦૮ | ૬૬૮ | ૧૬.૨૬ |
| કુલ | | ૨૩૫૪૯ | ૬૩૨૫ | |

૨૦. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉત્તરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧ થી ૫માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૫, ૨ અને ૬માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૩ અને ૧માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. (પરંતુ વોર્ડ નં. ૨માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં.૨ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવી શકાય તેમ નથી.) સબબ, વોર્ડ નં. ૨માં પછાતવર્ગની સ્ત્રીની બેઠક અને વોર્ડ નં. ૧માં પછાતવર્ગની સામાન્ય બેઠક બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે.

ત્યારબાદ ખાસ ક્રમાંક-૫/ વોર્ડ નં-૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય પરંતુ ત્યાં અગાઉથી અનુસૂચિત જાતિ સ્ત્રી તથા અનુસૂચિત આદિજાતિની અનામત બેઠક ફળવાયેલ હોઈ ત્યારબાદના તરત પછીના ઉતારતા ક્રમનાં વોર્ડ નં-૪ (ખાસ ક્રમાંક-૬)માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૫ | પછાતવર્ગ |
| ૨ | ૨ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | ૨ | પછાતવર્ગ સ્ત્રી |
| ૪ | ૪ | ૧ | પછાતવર્ગ |
| ૬ | ૬ | ૪ | પછાતવર્ગ |

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને વાઘોડિયા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ વાઘોડિયા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-વાઘોડીયા-યુનીટ-૫-૨૦૨૫, તા. ૧૯/૦૯/૨૦૨૫/૨૦૨૫નું બીડાણ**

**અનુસૂચિ-૧**

**વાઘોડિયા નગરપાલિકા, જિલ્લો વડોદરા**

**વોર્ડ નં-૧**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેનસસના બ્લોકના ઘર નંબરની વિગત<br>બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧ | ૦ | ૩૭૦ | ૫૫૮ | ૧ થી ૧૧૯ | ભીલવાસ |
| | ૨ | ૦ | ૩૩૧ | ૭૫૭ | ૧૨૦ થી ૨૨૮ | ભીલવાસ, માળી મહોલ્લો, રાઠોડીયાવાસ, જુની કન્યાશાળા સામે, જુની પોલીસ લાઈન |

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેનસસના બ્લોકના ઘર નંબરની વિગત<br>બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૪ | ૦ | ૦ | ૮૫૫ | ૩૬૨ થી ૪૬૪ | સોની ફળીયુ, ટાવર સામે બજાર રોડ, સુથાર ફળીયુ રણછોડજી ફળીયુ, બજાર રોડ ટાવર |
| | ૭ | ૦ | ૦ | ૨૧૦ | ૭૪૨ થી ૮૨૭ | નવાપુરા, કસ્તુરબા ફળીયુ, મેઈન રોડ |
| | ૮ | ૧૭ | ૩૯ | ૪૭૭ | ૮૩૦ થી ૧૦૪૮ | ગાંધી ફળીયુ, દીપક્ભાઈની ચાલી, ઊંડું ફળીયુ |
| | ૫ | ૬૪ | ૩૫૮ | ૬૭૯ | ૪૬૫ થી ૬૪૮ | હોમ તળાવ, દેસાઈ કુવો, તળાવ સામે, ગણેશ સોસાયટી, વાલ્મિકીવાસ, નવાપુરા |
| | ૩૧ | ૦ | ૦ | ૪૨ | ૩૪૯૦ થી ૩૫૨૮ | જિ.આઈ.ડી.સી. |
| | ૩૨ | ૦ | ૦ | ૨૦૭ | ૩૫૨૯ થી ૩૬૨૪ | જિ.આઈ.ડી.સી. ભરવાડ વાસ ડોમેક્ષ સામે |
| | ૨૬ | ૦ | ૩૦ | ૨૬૮ | ૨૯૭૯ થી ૩૦૮૦ | સમૃધ્ધી સોસાયટી |
| | **કુલ** | **૮૧** | **૧૧૨૮** | **૪૦૫૩** | | |

**હદનું વર્ણન:**- રેવન્યુ સર્વે નં.૧૫૩ થી પૂર્વ દિશા તરફ રેવન્યુ સર્વે નં.૧૫૪ મોજે ખંધાનાં સીમાડે થઇ રેવન્યુ સર્વે નં.૧૮૬ થી ખંધા મેઈન રોડથી અગ્નિખૂણા તરફ સર્વે નં.૧૬૭ થી રે.સ.નં.૧૭૫, ૧૮૨, રે.સર્વેનં.૧૮૧ થી નૈઋત્ય ખૂણે રે.સ.નં.૧૭૯ થી દક્ષિણ થઈને નૈઋત્ય ખૂણે રે.સ.નં.૧૭૩, ૧૨૪ થી દક્ષિણે ૧૨૩, ૧૦૮ થી દક્ષિણે રે.સ.નં. ૯૪ થી પુર્વે રે.સ.નં ૯૫ થઈને દક્ષિણે રે.સ.નં.૯૭ થી અગ્નિ ખૂણે રે.સ.નં.૯૬/૧ થી ઉત્તરે ૧૮૧૭ થી પુર્વે થઈને દક્ષિણે રે.સ.નં.૧૮૦૨ થી પૂર્વ રે.સ.નં.૧૮૧૫ થી અગ્નિ ખૂણેથી દક્ષિણે રે.સ.નં.૧૮૨૦ થી પુર્વે ૧૮૨૯/૧,૧૮૨૯/૨ થી અગ્નિ ખૂણે રે.સ.નં.૧૮૩૦/૧, ૧૮૩૦/૨ દક્ષિણે રે.સ.નં.૧૮૩૨ થી અગ્નિ ખૂણે રે.સ.નં.૧૮૩૩ થી ઈશાન ખૂણે રે.સ.નં.૧૮૩૪ થી અગ્નિ ખૂણે થઈને દક્ષિણે રે.સ.નં.૧૯૧૧ થી અગ્નિ ખૂણે રે.સ.નં.૧૯૧૨/૧, ૧૯૧૨/૨, ૧૯૧૩/૩, ૧૯૧૪, ૧૯૧૬ થી ઈશાન ખૂણે પડતર જમીન થઇ દક્ષિણ ખૂણે થઇ પૂર્વમાં રે.સ.નં.૧૪/૪ થી ઉત્તરે ૧૪/૩ થઇ ઈશાન ખૂણે ૧૮/૫ થઇ સમૃધ્ધી સોસાયટી થઇ ખંધા મેઈન રોડ થી અગ્નિ ખૂણે સમૃધ્ધી સોસાયટી પાસેથી નૈઋત્ય ખૂણે રે.સ.નં.૬/૩ થઇ પશ્ચિમે રે.સ.નં.૧૮/૫ થઇ નૈઋત્ય રે.સ.નં.૮/૧ થઇ દક્ષિણે ૮/૨, ૮/૪, ૮/૫, ૮/૬ થઇ ગામતળ તળાવથી પુર્વે તરફ ગામ તળાવની પાળે પાળે ઈશાન ખૂણે થઇ ભીલવાસથી ઉત્તર તરફ ભીલવાસ થઇ ઈશાન તરફ ખંધા મેઈન રોડથી અગ્નિ ખૂણે શક્તિ વેલ્ડીગ પાસેથી દક્ષિણ તરફ હઠી પટેલની વાડી પાસેથી અગ્નિ ખૂણે થઇ દક્ષિણ ખૂણે બજાર રોડથી પશ્ચિમે ગાંધી ફળીયુ થઇ નૈઋત્ય તરફ પશ્ચિમ તરફ ગાંધી ફળિયાની ધારે નૈઋત્ય તરફ પશ્ચિમ તરફ નવાપુરા થઇ વાયવ્ય ખૂણેથી પશ્ચિમ તરફ નહેર નહેરે થઈ રે.સ.નં.૭૩૫ ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૭૩૪, ૭૩૩, ૭૩૨ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૩૮ ના ખૂણેથી નૈઋત્ય ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૪૯ ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૭૫૦ ના ખૂણેથી દક્ષિણ તરફના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૧૨ ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૫૨ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણેથી નેહરે નહેરે થી નૈઋત્ય તરફ રે.સ.નં.૧૪૩૨/૧ નહેરે નહેરે થઈ ને રે.સ.નં.૧૪૩૦, ૧૪૨૯, ૧૪૨૩/૧ નહેરે નહેરે થઈને દક્ષિણ તરફ નહેરે નહેરે થઈને નૈઋત્ય તરફ નહેરે નહેરે થઈને પૂર્વ તરફના ખૂણેથી અગ્નિ ખૂણા તરફના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૧૦૬ ના ખૂણેથી દક્ષિણ તરફના ખૂણેથી રે.સ.નં.૧૧૦૭ થઈને નૈઋત્ય તરફ રે.સ.નં.૧૩૭૦ થઈને પડતર જમીનની ધારે ધારે રે.સ.નં.૧૩૧૫ તરફના ખૂણેથી રે.સ.નં.૧૩૧૮ થઈને નૈઋત્ય તરફ પડતર જમીનના ખૂણેથી વાયવ્ય તરફ પડતર જમીન થઈ ને રે.સ.નં.૧૩૨૧ના ખૂણેથી ઉત્તર તરફ થઈને વાયવ્ય તરફ પડતર જમીનના ખૂણેથી વાયવ્ય તરફ લીમડા ગામના સીમાડાની ધારે ધારે રે.સ.નં.૧૬૦૭, ૧૬૦૮, ૧૬૧૧ ના ખૂણેથી પડતર જમીનની વાયવ્ય ખૂણા તરફના થી પૂર્વ તરફના ખૂણેથી વાયવ્ય તરફના ખૂણેથી ઉત્તર તરફના ખૂણેથી વાયવ્ય તરફના ખૂણા તરફ થી ઉત્તર તરફ રે.સ.નં.૧૬૩૩ ના ખૂણેથી વાયવ્ય તરફ ના ખૂણેથી ઉત્તર તરફ જઈને વાયવ્ય તરફ લીમાડા ગામના સીમાડાથી ધારે ધારે રે.સ.નં.૧૬૩૪ ના ખૂણેથી રે.સ.નં.૧૬૩૫ ના ખૂણેથી ઉત્તરે રે.સ.નં.૧૬૪૦ થી ઈશાન ખૂણે રે.સ.નં.૧૬૪૨, ૧૬૪૩ થી ગજાદરા ગામના સીમાડે સીમાડે ઈશાન ખૂણે રે.સ.નં.૧૦૮ થી ઉત્તરે ખૂણેથી થઈને ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૦૬, ૧૦૭ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૧૦૮, ૧૧૨, ૧૧૩ થી ઉત્તરે ૧૧૪, ૧૧૫/૧ થી વાયવ્ય ખૂણે થઈને રે.સ.નં.૧૩૩ થી ઉત્તરે ઈશાન તરફ થઇ રે.સ.નં.૧૩૪ નાં ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૫૦/૧ નાં ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૧૫૧/૧ થી ઉત્તર તરફ રે.સ.નં.૧૫૨ના ખૂણેથી વાયવ્ય ખૂણા તરફ રે.સ.નં.૧૫૩ થી ઉત્તર તરફ રે.સ.નં.૧૫૩ની હદમાં આવેલ તમામ વિસ્તાર.

**વોર્ડ નં-૨**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘરનંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા.વસ્તી | અ.જ.જા.વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૩ | ૦ | ૧૦ | ૫૮૨ | ૨૨૯ થી ૩૬૧ | મહેતા ખડકી, મોટું પાઠક ફળિયું, ટાવર સામે બજાર રોડ, સોની ફળિયું |
| | ૧૧ | ૧૮૦ | ૨૫ | ૯૮૨ | ૧૨૪૧ થી ૧૩૯૨ | લાયબ્રેરી સામે, ચુનારાવાસ, મીલવાળું ફળિયું, મંગલમ પાર્ક, કેસરવાડી, વાલ્મિકીવાસ, નારાયણ નગર |
| | ૧૩ | ૦ | ૦ | ૩૫૨ | ૧૪૬૭ થી ૧૫૪૯ | શક્તિ વેલ્ડીંગ પાસે રબારીવાસ, પોસ્ટ ઓફીસ પાસે, લાયબ્રેરી પાસે, રબારીવાસ મેઈન રોડથી હઠીપટેલનું ફળિયું, બજાર રોડ થી પાઠક ફળિયાના નાકા સુધી. |
| | ૧૮ | ૦ | ૦ | ૩૧૨ | ૨૨૦૩ થી ૨૩૦૫ | જયહિન્દ હોટલ થી ખંધા મેઈન રોડ, વાલ્મિકીવાસ, જીયામિયાની ચાલી |
| | ૨૦ | ૩૨૫ | ૨૫ | ૩૬૩ | ૨૪૨૭ થી ૨૫૫૯ | પ્રણામી ફળિયું, હાજી કોમ્પલેક્ષ, નવી નગરી |
| | ૨૩ | ૩૦૦ | ૯ | ૩૩૦ | ૨૮૧૮ થી ૨૯૩૩ | આનંદ નગરી, રોહિતવાસ |
| | ૨૪ | ૦ | ૧૦૦ | ૧૮૧ | ૨૭૮૬ થી ૨૮૮૪ | એસ.ટી..ડેપો પાછળ આનંદનગરી |
| | ૨૫ | ૦ | ૨૦૦ | ૩૧૧ | ૨૮૮૫ થી ૨૯૭૮ | એસ.ટી. ડેપો પાછળ, નવી નગરી, કન્યાશાળા છાત્રાલય પાછળ સમૃધ્ધી સોસાયટી સામે |
| | ૨૭ | ૦ | ૦ | ૬૬૫ | ૩૦૮૧ થી ૩૧૬૪ | સમૃધ્ધી સોસાયટી પાછળ ભરવાડવાસ, સમૃધ્ધી સોસાયટી, મીરા પાર્ક સોસાયટી |
| | **કુલ** | **૮૦૫** | **૩૬૯** | **૪૦૭૮** | | |

**હદ નું વર્ણન:**- રે.સ.નં.૧૮૬ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને ઈશાન ખૂણે થઈને અગ્નિ તરફ થઈને ઉત્તર તરફ થઈ પૂર્વ વિસ્તાર તરફ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી નૈઋત્ય ખૂણે રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી અગ્નિ ખૂણે થઈ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી અગ્નિ ખૂણા તરફના ખૂણેથી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી વાયવ્ય તરફ થઈને ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી ઈશાન તરફ થઈ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી નૈઋત્ય ખૂણેથી ઈશાન ખૂણા તરફ થઈ પૂર્વ તરફ રે.સ.નં.૧૮૬ ના ખૂણેથી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૮૭ ના ખૂણેથી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૮૮ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૧૮૮ ના ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૮૯ ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણે રે.સ.નં..૧૯૦ થી અગ્નિ ખૂણા તરફ રે.સ.નં.૧૯૧/૧ થી દક્ષિણ તરફ રે.સ.નં.૧૯૧/૨ થી અગ્નિ તરફના ખુના થઈ ને નૈઋત્ય ખૂણા તરફ રે.સ.નં.૧૯૧/૨ થી દક્ષિણ દિશા તરફ રે.સ.નં.૧૯૨ ખૂણેથી રે.સ.નં.૧૯૩ થી ઈશાન ખૂણા તરફ થી ને પૂર્વ તરફ રે.સ.નં.૧૯૩ થી પડતર જગ્યાથી ઈશાન ખૂણે થઈને પૂર્વ તરફ રે.સ.નં.૧૯૬ ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૯૭ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૧૯૭ ના ખૂણાથી દક્ષિણ તરફ થઈ ને રે.સ.નં.૧૯૬ થી નૈઋત્ય તરફ ના ખૂણેથી રે.સ.નં.૩૨૭/૧ ના ખૂણેથી અગ્નિ તરફના ખૂણેથી પૂર્વ તરફ પડતર જમીન થી ઈશાન તરફ જતા રે.સ.નં.૨૦૦ થી ઈશાન તરફ રે.સ.નં.૧૯૮ તરફથી ઈશાન તરફ પડતર જમીન થઈ રેલ્વે લાઈનના ખૂણેથી અગ્નિ ખૂણા તરફ રે.સ.નં.૪૦૧, ૪૦૦, ૩૯૯ પડતર જમીન થઈ રે.સ.નં. ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૩૭૧, ૩૭૨, ૩૫૮, ૩૫૯/૧, ૩૫૯/૨, ૩૫૫/૨, ૩૩૮,

૩૩૭, ૩૩૨/૨, ૩૩૦, ૩૨૯, ૩૨૮, ૫૦૩/૫, ૫૦૪/૫, ૫૦૬/૫, ૫૦૩/૧, ૫૦૩/૨, ૫૧૦, ૫૧૧, ૫૧૩ આનંદનગર થઈ રે.સ.નં. ૫૬૧, ૫૬૩ રે.સ.નં.૨૦૨૦ રેલ્વેની ધારે ધારે થઈ રે.સ.નં.૨૦૨૧ ના ખૂણેથી પશ્ચિમ તરફ થઈ પ્રણામી ફળિયુ નૈઋત્ય તરફ થઈ પ્રણામી ફળિયાની ધારે ધારે દક્ષિણ તરફ થઈ ઈશાન ખૂણે રે.સ.નં.૫૯૦/૧ થી પશ્ચિમ તરફ મહાકાળી માતાના ખાંચા થી દક્ષિણ તરફના ખૂણેથી રબારીવાસ થી નૈઋત્ય ખૂણે મેહતા ખડકી, મોટા પાઠક ફળિયા, બજાર મઈન રોડ થી ઈશાન ખૂણા તરફ પાઠક ફળિયાથઈ પૂર્વ તરફ થઈ ઉત્તર તરફ થઈ શક્તિ વેલ્ડિગ ના ખૂણેથી વાયવ્ય તરફ થઈને ઉત્તર તરફ ખંધા રોડની ધારે ધારે વાયવ્ય તરફ થઈ વીર વિઠ્ઠલ છાત્રાલય થી નૈઋત્ય તરફ રોયલ પાર્ક થી દક્ષિણ થઈ ને નૈઋત્ય થઈ તરફ રે.સ.નં.૩ થી નૈઋત્ય તરફ થઈ રે.સ.નં.૨ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭ થઈને ઈશાન તરફ રે.સ.નં.૭ ના ખૂણે તેમજ રે.સ.નં.૬/૧ ના પૂર્વ તરફ થી ઉત્તરએ થઈ ઈશાન તરફ થી વાયવ્ય ખૂણેથઈ નૈઋત્ય ખૂણે રે.સ.નં.૧૮/૧, ૧૮/૫, ૧૮/૩, ૧૫ થી પશ્ચિમ તરફના ખૂણે થી વાયવ્ય ખૂણે રે.સ.નં.૧૬ ના ખૂણેથી નૈઋત્ય તરફ થી વાયવ્ય તરફ આગળ નહેરની ધારે ધારે આગળ જતા જતા પશ્ચિમ તરફ રે.સ.નં.૧૮૨૭ થી આગળ પડતર જમીનના ખૂણેથી ઉત્તર તરફના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૮૧૮ થઈ રે.સ.નં.૧૮૧૮ ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણેથી દક્ષિણ તરફ પડતર જમીનના ખૂણેથી વાયવ્ય તરફ પડતર જમીનના ખૂણેથી ઉત્તર તરફના ખૂણેથી પશ્ચિમ તરફના પડતર જમીનના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૮૪ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૧૮૦/૧, ૧૮૦ થી વાયવ્ય તરફ ખંધા રોડની ધારે ધારે થઈ ને રે.સ.નં.૧૮૬ ની હદમાં આવેલ તમામ વિસ્તાર

**વોર્ડ નં-૩**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સેનસસના બ્લોકના ઘર નંબરની વિગત | | | | બ્લોકના વિસ્તારની વિગત |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | | | | |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | માડોધર ૧૨૧ | ૦ | ૨૧૬ | ૮૦૩ | ૧ થી ૧૬૦ | તલાવિયા ફળિયું, ભોઈ ફળિયું, રાજપૂત ફળિયું, કાછીયા ફળિયું |
| | ૧૨૨ | ૦ | ૦ | ૭૮૩ | ૧૬૧ થી ૩૧૮ | બારિયા ફળિયું, સરદાર આવાસ |
| | ૧૨૩ | ૨૩૬ | ૨૦૩ | ૬૫૭ | ૩૧૯ થી ૪૫૦ | જાદવ ફળિયું, નીશાળવાળું ફળિયું, ટાંકીવાળું ફળિયું, પાદરિયા ફળિયું |
| | ૧૨૪ | ૦ | ૨૭૭ | ૮૮૬ | ૧ થી ૧૭૫ | પંડિત દિન દયાળ ફળિયું, રાજનગર |
| | ૧૨૫ | ૦ | ૪૦૫ | ૪૩૩ | ૧૭૬ થી ૨૭૯ | રાજનગર, નર્મદાવસાહત, ભરવાડ વાસ |
| | **કુલ** | **૨૩૬** | **૧૧૦૧** | **૩૫૬૨** | | |

**હદ નું વર્ણન:**- રે.સ.નં.૧૯૯૧ અને રેલ્વે લાઈનનાં ખૂણેથી ઈશાન ખૂણા તરફ રે.સ.નં. ૪૦૯ના ખૂણેથી અગ્નિ ખૂણા તરફ રે.સ.નં.૪૦૯ થઈને પૂર્વ તરફ થઈને ઈશાન તરફ રે.સ.નં.૪૧૦ ના ખૂણેથી પૂર્વ તરફ થઈને ઈશાન તરફના ખૂણેથી રે.સ.નં. ૪૧૦ થઈને ઈશાન તરફના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૯૯૧ના ખૂણાને અડીને પૂર્વ તરફ પડતર જમીનની ધારે ધારે ઈશાન તરફ થઈને પૂર્વ તરફ રે.સ.નં.૪૨૦,૪૨૧ ના અગ્નિ ખૂણે થઈને પૂર્વ તરફ રે.સ.નં.૪૨૨ થી ઈશાન ખૂણા થઈને પૂર્વ તરફ પડતર જમીનની ધારે ધારે થઈને ઈશાન તરફ આગળ ને આગળ જતા રે.સ.નં ૧૯૯૯ ના પૂર્વ તરફ રે.સ.નં.૫૦૯ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૫૧૦, ૫૧૪, ૫૧૨ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૫૧૫ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૫૦૬/પૈકી નાં ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૫૧૭ થી ઈશાન તરફ રે.સ.નં.૫૩૮ થઇ ૫૩૯ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૫૪૧થી પૂર્વ તરફ રે.સ.નં.૫૪૦થી અગ્નિ તરફ રે.સ.નં.૫૪૨, ૫૪૩, ૫૫૦, ૫૫૧, ૫૫૨, ૫૫૩, ૫૫૪, ૫૭૭ નાં ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૬૨૯ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૬૨૯/૨, ૬૩૦, ૬૩૧ નાં ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૬૩૨ની ઉત્તર તરફ થઈને પૂર્વ તરફ રે.સ.નં.૬૩૩ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૬૩૫ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૬૩૫ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૬૩૬ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૬૩૭, ૬૩૯ નાં ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૬૩૮ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૬૩૯ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણેથી દક્ષિણ તરફ ૬૪૧નાં ખૂણેથી પૂર્વ તરફથી ઉત્તર તરફ નાં ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૬૪૨ના ખૂણેથી અગ્નિ તરફ રે.સ.નં૬૪૩ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં ૬૪૬ નાં ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૬૪૭ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૬૪૯ના ખૂણેથી ઈશાન તરફ ખૂણા તરફ

રે.સ.નં.૬૫૦ નાં ખૂણાથી વાયવ્ય તરફ રે.સ.નં.૬૫૧ના ખૂણાથી ઈશાન તરફના ખૂણેથી અગ્નિ તરફ રે.સ.નં.૬૫૦ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૬૪૯ ખૂણેથી અગ્નિ તરફ થઇ દક્ષિણ તરફ રે.સ.નં.૬૪૮ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૨૮૧, ૬૫૩ના ખૂણે થઈને પૂર્વ તરફ ૬૫૨ના ખૂણેથી ઉત્તર તરફના ખૂણે થઇ પૂર્વ તરફના ખૂણેથી ઉત્તર તરફ ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૬૫૩ થઇ ઉત્તર તરફ રે.સ.નં.૬૫૪ના ખૂણેથી ઈશાન તરફના ખૂણેથી સીધા સીધા જતા રે.સ.નં.૬૫૫ નાં ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૩૬ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૩૭ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૩૮ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણે થઇ વાયવ્ય તરફ રે.સ.નં.૭૩૯ થી પશ્ચિમ તરફ જઈ વાયવ્ય ખૂણે થઇ પશ્ચિમ તરફના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૭૪૦, ૭૪૧, ૭૪૨ નાં ખૂણેથી ઉત્તર તરફ પડતર જમીન થઈને મોજે દેવડીયાનાં સીમાડે સીમાડે રે.સ.નં.૮૦૧થી ઉત્તર નવારામ પુરાના સીમાડે સીમાડે થી ઈશાન તરફ રે.સ.નં.૮૫૬, ૮૫૭, ૮૫૮, ૮૫૯, ૮૬૦, ૮૬૧, ૮૬૨, ૮૬૪, ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૭૪, ૮૭૫ નાં ખૂણેથી પૂર્વ તરફ મોજે ગુતાલ નાં સિમાડે રે.સ.નં.૮૭૬, ૮૭૭, ૮૭૮, ૮૭૯, ૮૭૧, ૮૮૦, ૮૮૧, ૮૮૨, ૮૮૩ ના ખૂણે થી દક્ષીણ થઇ અગ્ની ખૂણે રે.સ.નં.૮૮૨, ૮૮૪, ૮૮૬ ના ખૂણે થી મોજે વૈસનીયાના સીમાડે થઇ રે.સ.નં.૮૮૭ ની દક્ષિણે રે.સ.નં.૮૮૯, ૮૯૦, ૮૯૩, ૮૯૪, ૮૯૭, ૮૯૮, ૮૯૯, ૯૦૦ થી મોજે સાંગડોળનાં સીમાડે થઈનેરે.સ.નં.૯૦૫, ૯૦૬, ૯૦૯, ૯૧૦, ૯૧૧, ૯૧૨, ૯૧૩, ૯૧૪, ૯૧૫, ૯૧૬, ૯૧૭, ૯૧૮, ૯૧૯, ૯૨૦/૨, ૯૨૧, ૯૨૪, ૯૨૫, ૯૨૬, ૯૨૭ નાં ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૯૩૦/બ નાં ખૂણે થી અગ્નિ તરફ રે.સ.નં.૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૬૫, ૬૬, ૬૭, ૭૪, ૭૫, ૭ થી દક્ષિણ તરફ રે.સ.નં.૮૪, ૮૫/બ, ૮૬/બ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૮૭, ૮૮, ૮૯ નાં ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૯૨/૨, ૧૧૧ નાં ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૧૨ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૨૦૨નાં ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૨૦૧, ૨૦૫/૨, ૨૦૬, ૨૦૯/૨ પંડિત દિનદયાળ ફળિયું થઈને વાયવ્ય થઇ નૈઋત્ય તરફ નેરયુ નેરયુ થઇ દક્ષિણ તરફ નેરયુ નેરયુ થઇ નૈઋત્ય તરફના ખૂણા રે.સ.નં.૨૮૧ થી ઉત્તર તરફ રે.સ.નં.૩૦૯ થી વાયવ્ય તરફ રે.સ.નં.૩૧૦, ૩૨૫ નાં ખૂણેથી પૂર્વ તરફ થી ઉત્તર તરફ રે.સ.નં.૩૨૪, ૩૨૩ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૩૧૬ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૩૧૫ના ખૂણાથી ઉત્તર તરફ વાયવ્ય તરફ થઇ પશ્ચિમ તરફ રે.સ.નં.૫૫૪/૩ નાં ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૫૫૩/૨ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૫૨૧, ૫૨૩/૨, ૫૨૪થી ઉત્તર તરફ ૫૨૫ નાં ખૂણેથી પશ્ચિમ તરફ થઈને  વાયવ્ય તરફ રે.સ.નં.૫૨૬ના ખૂણેથી નૈઋત્ય તરફ થઈને વાયવ્ય તરફ રે.સ.નં. ૫૦૬, ૫૦૪, ૫૦૩, ૫૦૨/૧, ૨૦૦૪, ૩૩૧, ૨૦૦૩, ૩૩૨/૨, ૩૩૯, ૨૦૦૨, ૩૫૪, ૩૫૬, ૩૫૭, ૩૯૭, ૩૯૬, ૩૯૬/૨, ૩૯૫, ૧૯૯૩, ૪૦૩, ૧૯૯૨ થી ૧૯૯૧ ની હદમાં આવતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં-૪**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | | | | બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | | |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૧૨૬ | ૦ | ૦ | ૧૦૭૨ | ૨૮૦ થી છેવટ સુધી | મંગલધામ, મંગલમૂર્તિ, કમલાનગર, સુખશાંતિ, શિવકૃપા, નીલકંઠ ધામ |
| | ટીંબી ૧૩૯ | ૧૫ | ૭૭ | ૬૮૫ | ૩૧ થી ૩/૮૩/ | ટીંબી |
| | ૧૬ | ૦ | ૦ | ૩૪૩ | ૨૦૧૬ થી ૨૧૧૦ | ગુડલક ઓઈલ મીલ, રેલ્વે સ્ટાફ ક્વાર્ટર્સ, મામલતદાર કચેરી સામે, ગીતાંજલી |
| | ૧૭ | ૦ | ૦ | ૮૧૪ | ૨૧૧૧ થી ૨૨૦૨ | પરિશ્રમ સોસાયટી, શ્રમ સાધના સોસાયટી, પશુ દવાખાના ક્વાટર્સ, ઈન્દ્રપુરી |
| | ૨૧ | ૧૦૦ | ૩૩૫ | ૬૧૮ | ૨૫૬૦ થી ૨૭૦૦ | નવીનગરી, નર્મદાકોલોની, ઈન્દિરાઆવાસ |
| | ૨૨ | ૨૪૦ | ૧૧૫ | ૫૭૬ | ૨૭૦૧ થી ૨૮૧૭ | ઈન્દિરાઆવાસ, દેવ કોલોની, આનંદનગરી |
| | **કુલ** | **૩૫૫** | **૫૨૭** | **૪૧૦૮** | | |

**હદ નું વર્ણન :-** રેલ્વે લાઈનના ખૂણે આવેલ રે.સ.નં.૫૦૮ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં. ૫૧૮ના ખૂણેથી રે.સ.નં.૫૧૯/૧ થી પૂર્વ તરફના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૫૨૦ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૫૨૦ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૫૫૮ નાં ખૂણેથી પૂર્વ તરફના રે.સ.નં.૫૫૫ ના ખૂણેથી અગ્નિ તરફ રે.સ.નં.૩૧૪ થઈને રે.સ.નં.૩૧૩ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણે થઇ ઉત્તર તરફ ના ખૂણેથી અગ્નિ ખૂણા તરફ થઇ દક્ષિણ તરફ રે.સ.નં.૩૧૩ થઇ પશ્ચિમ તરફના ખૂણેથી અગ્નિ તરફ રે.સ.નં.૩૧૧, રે.સ.નં.૫૬૯/૧ પરિશ્રમ સોસાયટી થી શ્રમસાધના સોસાયટી થઇ રે.સ.નં.૫૭૦ થઇ પૂર્વ તરફ માડોધરનાં રે.સ.નં.૨૭૯ થી ઈશાન ખૂણા તરફ રે.સ.નં. ૨૭૪, ૨૭૩/અ નાં ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૨૮૯ નાં ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૨૯૦, ૨૯૩, ૨૯૪, ૨૯૬, ૨૨૪ માં આવેલ મંગલમૂર્તિ સોસાયટી થઈને રે.સ.નં.૨૨૩/બ, રે.સ.નં.૨૨૨ના ખૂણેથી અગ્નિ ખૂણા તરફ રે.સ.નં. ૨૨૦, ૨૧૯/બ, ૨૧૮ ના ખૂણેથી ઈશાન તરફ રોડની ધારે ધારે થઇ પૂર્વ તરફ થઇ ઈશાન તરફ રોડ ની ધારે ધારે થઇ પૂર્વ તરફ મોજે સાંગાડોળ નાં સીમાડા થઇ દક્ષિણ તરફ રે.સ.નં. ૯૬/બ, ૯૭/બ, ૯૮, ૯૯ નાં ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૦૧ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૧૩૨ નાં ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૩૩ના ખૂણેથી પશ્ચિમ તરફ ટીંબી ગામની પડતર જમીનથી અગ્નિ તરફ રે.સ..નં.૧૪૯/બ, ૧૪૯/૨, ૧૪૯/૧, ૧૪૮ નાં ખૂણેથી નૈઋત્ય તરફ મોજે તરવા ગામના સીમાડે સીમાડે રે.સ.નં.૪૩, ૪૨, ૪૧/૨ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૨૭ નાં ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૨૬ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૨૬/૨ નાં ખૂણેથી દક્ષિણ તરફ જઈને નૈઋત્ય તરફ રે.સ.નં. ૨૫, ૨૪, ૨૩ નાં ખૂણેથી દક્ષિણ તરફ જઈને રે.સ.નં.૧૩ના ખૂણેથી નૈઋત્ય તરફના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૨ના ખૂણેથી નૈઋત્ય તરફના રે.સ.નં.૫ ખૂણેથી વાયવ્ય તરફ જઈને પશ્ચિમ તરફ રે.સ.નં.૪,૩,૩૩૬ ના ખૂણેથી નૈઋત્ય તરફ આવેલ રેલ્વે લાઈનની ધારે ધારે વાયવ્ય દિશાતરફ રે.સ.નં.૬૩૫, ૬૩૪, ૫૮૭, ૫૮૬, ૬૨૭ પૈકી ૫૮૦, ૫૭૪, ૨૦૬૦, ૬૬૩/૨, ૬૬૩/૧, ૬૧૯ રેલ્વે સ્ટેશનનાં ખૂણેથી ઈશાન તરફનાં ખૂણેથી રે.સ.નં.૬૧૫ થી નૈઋત્ય તરફ રે.સ.નં.૬૦૯ થી સિવિલ કોર્ટથી ભારત નગર સોસાયટીથી ગીતાંજલી સોસાયટી થઇ રેલ્વેની ધારે ધારે રે.સ.નં.૨૦૨૫ મનમોહન પાર્ક થઈ નૈઋત્ય તરફ રે.સ.નં.૫૭૬, ૨૦૨૧, ૫૬૪, ૫૬૨, ૨૦૧૮ ઈન્દિરા આવાસ થઈ રે.સ.નં.૫૧૫, ૫૧૪, ૫૧૨, ૫૦૯, ૫૦૮ ની હદની અંદરનો તમામ વિસ્તાર.

**વોર્ડ નં -૫**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલવસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૯ | ૦ | ૦ | ૪૭૦ | ૧૦૪૯ થી ૧૧૪૩ | ઊંડું ફળિયું |
| | ૧૨ | ૦ | ૨૫ | ૫૭૮ | ૧૩૯૩ થી ૧૪૬૬ | નારાયણ નગર , માર્કેટીગ યાર્ડ, સ્નેહલ પાર્ક, ભાટિયાની મિલ પાછળ , જગદંબા ટોકીઝ પાસે |
| | ૧૪ | ૦ | ૯૭ | ૫૧૮ | ૧૬૧૮ થી ૧૭૧૪૧/ | બજાર બાગ પાસેનું ફળિયું, ચાંદની ચોક, આઈ.સી.ડી.એસ. સરકારી દવાખાના |
| | ૧૯ | ૨૦૦ | ૦ | ૮૨૦ | ૨૩૦૬ થી ૨૪૨૬ | જીયામિયાની ચાલી, ખુશાલ ચેમ્બર, પ્રણામી ફળિયું |
| | તવરા ૧૫૮ | ૪૯ | ૪૬૩ | ૭૭૧ | ૧/૧ થી ૧/૧૯ | વણકર વાસ, મોટુ ફળિયુ તવરા |
| | તવરા ૧૫૯ | ૦ | ૦ | ૬૦૭ | ૨/૧ થી ૧/૯૮ | ચણવાડીયા, મોટુ ફળિયુ, નવી નગરી તવરા |
| | **કુલ** | **૨૪૯** | **૫૮૫** | **૩૭૬૪** | | |

**હદ નું વર્ણન:-** રે.સ.નં.૮૫૦ના ખૂણેથી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૮૪૩/૨ ના ખૂણેથી રે.સ.નં.૮૪૫, ૮૪૬ ના ખૂણેથી પડતર જમીનથી ઈશાન તરફ રે.સ.નં.૬૯૭ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૬૯૮ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૭૦૪ ના ખૂણેથી વાયવ્ય તરફના ખૂણે થઈ ઈશાન તરફ થઈ અગ્નિ તરફ થઈ રે.સ.નં.૭૦૪ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૭૦૫ ના ખૂણેથી વાયવ્ય તરફના ખૂણેથી ઈશાન તરફના ખૂણે થઈ રે.સ.નં.૭૦૬ ના ખૂણે થઈ ઈશાન તરફ રે.સ.નં.૬૬૫ ના ખૂણેથી રે.સ.નં.૬૬૪ ના ખૂણેથી વાયવ્ય તરફ થઈને ઈશાન તરફ રે.સ.નં.૬૬૪ થઈને

વાયવ્ય તરફ રે.સ.નં.૬૬૨ ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણે થઈને વાયવ્ય તરફના ખૂણા તરફ રે.સ.નં.૬૬૧/૫ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૦૯ ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૭૦૯ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૧૦/૧ ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૭૧૨ ના ખૂણેથી ઉત્તર તરફ ઉડા ફળિયા થઈને પશ્ચિમ તરફ ઉડા ફળિયા થઈને ઉત્તર તરફના ખૂણેથી ઈશાન તરફના ખૂણેથી બજાર રોડ થઈ વાયવ્ય તરફના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૫૯૦/૧ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૫૯૦/૨ ના ખૂણેથી વાયવ્ય તરફના ખૂણેથી ઉત્તર તરફ થઈ રે.સ.નં.૫૭૭ ના ખૂણેથી ઈશાન તરફ થઈ પૂર્વ તરફના ખૂણેથી ઈશાન તરફ રેલ્વે લાઈનની ધારે ધારે રે.સ.નં.૫૭૫, ૫૭૩, ૫૭૨, ૬૦૬/૧, ૬૦૫/૨, ૬૦૫/૧ રેલ્વે ની ધારે ધારે આગળ આગળ ઈશાન તરફ રે.સ.નં.૬૨૪/૨, ૬૨૫/૧, ૬૨૩, ૬૨૭, ૬૨૮, ૬૩૦ રેલ્વેની ધારે ધારે ઈશાન તરફ રે.સ.નં.૨૭૦ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૨૬૩ ના ખૂણેથી ઉત્તર તરફના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૨૬૬ ના ખૂણેથી દક્ષિણ તરફના ખૂણાથી રે.સ.નં.૩ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૩ ના ખૂણેથી દક્ષિણ તરફ ઈશાન તરફ રે.સ.નં.૫ ના ખૂણેથી ઉત્તર તરફના ખૂણે થઈને પૂર્વ તરફ રે.સ.નં.૨૨ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૨૩ ના ખૂણેથી ઉઅત્તર તરફ રે.સ.નં.૨૪ ના ખૂણેથી ઈશાન તરફના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૪૫ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૪૬ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૮૯૫, ૯૦ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૯૧ થઈ ને ઈશાન તરફ રે.સ.નં.૯૪૫ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૯૫૫ ના ખૂણેથી અગ્નિ તરફ ના ખૂણે થઈ રે.સ.નં.૯૫૫ થઈ ને દક્ષિણ તરફ રે.સ.નં.૯૬, ૯૭, ૯૮ ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણેથી રે.સ.નં.૯૮ થઈ દક્ષિણ દિશા તરફ રે.સ.નં.૧૦૭ ના ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૦૮ થી રે.સ.નં.૧૧૨ ના ખૂણેથી અગ્નિ તરફ જઈને રે.સ.નં. ૧૧૨, ૧૧૩, ૧૧૪ ના ખૂણેથી નૈઋત્ય તરફના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણેથી વ્યારા ગામના સીમાડે ધારે ધારે નૈઋત્ય તરફ પડતર જમીનની ધારે ધારે નૈઋત્ય તરફના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૪૯ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૫૧ ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૫૨૫ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૧૫૩ ના ખૂણેથી પશ્ચિમ તરફના ખૂણે થઈ ઉત્તર તરફના ખૂણે રે.સ.નં.૧૫૪ ના ખૂણે થઈ ઉત્તર તરફ રે.સ.નં.૧૬૦ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૬૧, ૧૬૨, ૨૧૦ થી નૈઋત્ય તરફ રે.સ.નં.૨૧૫ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૨૧૬ થઈને વાયવ્ય તરફ રે.સ.નં.૨૧૬, ૨૧૭ થી રે.સ.નં.૨૨૫ ના ખૂણે થી નૈઋત્ય તરફ રે.સ.નં.૨૧૮ થઈને પશ્ચિમ તરફ રે.સ.નં.૨૧૮ ના ખૂણેથી ઉત્તર તરફ થઈને વાયવ્ય તરફ થઈને નૈઋત્ય તરફ વેજલપુર ગામના સીમાડાની ધારે ધારે પડતર જમીન થઈને વાયવ્ય ખૂણા તરફ રે.સ.નં.૧૦૧૭ ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૧૦૧૮ થઈને પડતર જમીન ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૧૦૨૦ના ખૂણેથી પશ્ચિમ તરફ ના ખૂણેથી રે.સ.નં.૧૦૩૦ થી ઉત્તર તરફ રે.સ.નં.૧૦૨૯ ના ખૂણેથી પશ્ચિમ તરફ થઈ ને ઉત્તર તરફ રે.સ.નં.૧૦૨૮ ના ખૂણેથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૦૫૫, ૧૦૫૪ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૧૦૭૮ ના ખૂણા થી ઈશાન તરફ રે.સ.નં.૧૦૭૬ ના ખૂણાથી પશ્ચિમ તરફ ના ખૂણાથી રે.સ.નં.૧૦૭૫ ના ખૂણાથી ઉત્તર તરફ રે.સ.નં.૧૦૭૪, ૧૦૭૩ ના ખૂણાથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૦૮૮ ના ખૂણાથી ઉત્તર તરફ ના ખૂણેથી અગ્નિ તરફ રે.સ.નં.૧૦૭૩ ના ખૂણાથી પૂર્વ તરફ રે.સ.નં.૧૦૭૨ ના ખૂણાથી ઉત્તર તરફ ના ખૂણાથી રે.સ.નં.૮૮૮ ના ખૂણેથી વાયવ્ય તરફ ના ખૂણા થઈ ઉત્તર તર્ફ ના ખૂણાથી પશ્ચિમ તરફ થઈ ઉત્તર તરફ થઈ ઈશાન તરફ રે.સ.નં.૮૭૭/૧ ના ખૂણેથી વાયવ્ય તરફ થઈ ઈશાન તરફ રે.સ.નં.૮૭૬ ના ખૂણેથી ઉત્તર તર્ફ થઈ ઈશાન તરફ રે.સ.નં.૮૫૫, ૮૫૪, ૮૫૩ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૮૫૧, ૮૫૦ સુધીના હદમાં આવતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં -૬**

| સુચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૬ | ૦ | ૦ | ૬૭૫ | ૬૪૯ થી ૭૪૧ | નવાપુરા |
| | ૧૦ | ૦ | ૦ | ૭૫૫ | ૧૧૪૪ થી ૧૨૪૦ | ઉડું ફળિયું, પાઠક ફળિયા સામે ટાવર મેઈન રોડ, દેસાઈ ફળિયું, દ્વારકેશ ચોક, પુરાણી ફળિયું બજાર રોડ |
| | ૨૯ | ૩૭૩ | ૧૫૦ | ૮૪૩ | ૩૨૮૦ થી ૩૪૧૬ | જલારામ નગર |
| | ૩૦ | ૦ | ૧૫૦ | ૬૧૭ | ૩૪૨૩ થી ૩૪૮૯ | શ્રીનાથજી ધામ સોસાયટી, જાગૃતિ સોસાયટી, શંકર ચોકડી, જિ.આઈ.ડી.સી. |
| | ૧૫ | ૦ | ૧૬૫ | ૬૭૨ | ૧૭૧૫ થી ૨૦૧૫ | જિ.ઈ.બી., ભૂરી તલાવડી, કાલી તલાવડી |
| | ૨૮ | ૦ | ૧૦૦ | ૪૨૨ | ૩૧૮૦ થી ૩૨૭૯ | ગુગલીયાપુરા ગામ, ભરવાડ વાસ |
| | **કુલ** | **૩૭૩** | **૫૬૫** | **૩૯૮૪** | | |

**હદનું વર્ણન :-** મોજે લીમડાનાં સીમાડાના પાસે વડોદરા તરફ જવાના રસ્તેથી પૂર્વ દિશા તરફ રે.સ.નં.૧૩૧૭ થઈ રે.સ.નં.૧૩૧૬ વડોદરા રોડની ધારે ધારે રે.સ.નં.૧૩૧૪, પૂર્વ તરફ રે.સ.નં.૧૩૩૯/૧ થઈને રે.સ.નં.૧૩૪૧/૧ વડોદરા હાઈવેની ધારે ધારે રે.સ.નં.૧૩૬૯, ૧૧૦૮, ૧૧૦૫/૫ ના ખૂણેથી વડોદરા રોડ ક્રોસ કરી ઉત્તર તરફ રે.સ.નં.૧૧૦૫/૫ ના ખૂણેથી રે.સ.નં.૧૧૦૪ ના ખૂણાથી પૂર્વ તરફના ખૂણેથી રે.સ.નં.૭૮૪ થી નૈઋત્ય ના ખૂણેથી પશ્ચિમ તરફના રે.સ.નં.૭૮૩ ના ખૂણેથી ઈશાન તરફ રે.સ.નં.૭૮૧, ૭૭૪ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૭૩ ના ખૂણેથી ઉત્તર તરફ રે.સ.નં.૭૬૫/૨, ૭૬૫/૧ ના ખૂણેથી ઈશન તરફ રે.સ.નં.૭૬૪, ૭૬૩, ૭૬૨, ૭૬૧, ૭૬૦, ૭૫૮, ૭૫૭, ૭૫૫, ૭૫૩ ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૭૫૪ ના ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૭૪૫, ૭૪૮ ખૂણેથી ઉત્તર તરફના ખૂણાથી પૂર્વ તરફ રે.સ.નં.૭૩૯ ના ખૂણેથી ઈશાન તરફના ખૂણે થઈ પૂર્વ તરફ રે.સ.નં.૭૩૦, ૭૩૧ ના ખૂણેથી ઉત્તર તરફના ખૂણેથી ઈશાન તરફના ખૂણેથી અગ્નિ તરફ નવાપુરા, ઉડા ફળિયા થી પૂર્વ તરફના ખૂણાથી ઈશાન તરફ પુરાણી ફળિયુ થઈ પૂર્વ તરફ થઈ બજાર રોડ રઈ ને અગ્નિ તરફના ખૂણાથી પશ્ચિમ તરફ જઈ દક્ષિણ તરફ રે.સ.નં.૭૨૯ ના ખૂણેથી પૂર્વ તરફ જઈ ને દક્ષિણ તરફ રે.સ.નં.૭૨૯/૧ થઈ ને રે.સ.નં.૭૧૫/૫ ના ખૂણેથી પૂર્વ તરફ જઈને વડોદરા રોડ ક્રોસ કરીને રે.સ.નં.૬૬૩ ના ખૂણાથી અગ્નિ તરફના ખૂણે થઈ પશ્ચિમ તરફ રે.સ.નં.૭૦૭, ૭૦૮/૨ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૭૦૨ ના ખૂણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૦૧, ૬૯૯ ના ખૂણે થઈ રે.સ.નં.૭૧૮/૫ ના ખૂણેથી વડોદરા રોડની ધારે ધારે થી નૈઋત્ય તરફ રે.સ.નં.૮૦૫ થઈ રે.સ.નં.૮૧૬, ૮૧૫ ના ખૂણેથી નૈઋત્ય તરફ રે.સ.નં.૮૧૪ ના ખૂણાથી પશ્ચિમ તરફ રે.સ.નં.૮૮૬ ના ખૂણાથી નૈઋત્ય તરફના ખૂણાથી અગ્નિ તરફ રે.સ.નં.૮૮૭ ના ખૂણાથી નૈઋત્ય તરફના ખૂણાથી અગ્નિ તરફના ખૂણાથી વાયવ્ય તરફ રે.સ.નં. ૧૦૯૦/૨ ના ખૂણાથી નૈઋત્ય તરફ રે.સ.નં.૧૦૯૦/૧, ૧૦૮૯ ના ખૂણાથી અગ્નિ તરફ રે.સ.નં.૧૦૮૭/૧ ના ખૂણાથી નૈઋત્ય તરફ રે.સ.નં. ૧૦૮૧ ના ખૂણાથી વાયવ્ય તરફ રે.સ.નં.૧૦૮૦ ના ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૦૮૦, ૧૦૫૩, ૧૦૫૨, ૧૦૫૧, ૧૦૪૭, ૧૦૪૬ ના ખૂણાથી અગ્નિ તરફના ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૦૩૨, ૧૦૩૧, ૧૦૧૯ ના ખૂણેથી પૂર્વ તરફના ખૂણેથી દક્ષિણ તરફના ખૂણા થઈ પશ્ચિમ તરફ રે.સ.નં.૧૦૩૫ થી દક્ષિણ તરફ થઈ નૈઋત્ય તરફ થઈ વાયવ્ય તરફ રે.સ.નં.૧૦૩૬ થી પશ્ચિમ તરફ ખૂણાથી દક્ષિણ તરફ થઈને પશ્ચિમ તરફ થઈને પુરવ તરફ થઈને પશ્ચિમ તરફ મોજે.મઢેલી ગામના સીમાડે ધારે ધારે રે.સ.નં.૧૦૩૭ થી વાયવ્ય તરફ જઈને પશ્ચિમ તરફ રે.સ.નં.૧૨૩૦ ના ખૂણેથી નૈઋત્ય તરફ જઈને મઢેલી ગામના સીમાડાની ધારે ધારે વાયવ્ય તરફ રે.સ.નં.૧૨૩૧, ૧૨૩૨, ૧૨૩૬, ૧૨૩૭ ના ખૂણેથી નૈઋત્ય તરફના ખૂણેથી પડતર જમીન થઈને ઉત્તર તરફ જઈ પડતર જમીનની ધારે ધારે વાયવ્ય તરફ રે.સ.નં.૧૨૮૫, ૧૨૮૬ થી ઉત્તર તરફ રે.સ.નં.૧૨૮૭, ૧૨૮૯, ૧૨૯૦/૨ ના ખૂણેથી વાયવ્ય તરફ વડોદરા તરફના રોડ સુધી હદમાં આવેલ તમામ વિસ્તાર.

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-વાઘોડીયા-યુનીટ-૫-૨૦૨૫, તા. ૧૯/૦૯/૨૦૨૫નું બીડાણ**

**અનુસૂચિ-૨**

**રાજ્ય ચૂંટણી આયોગ**

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-વાઘોડીયા-યુનીટ-૫-૨૦૨૫, તા. ૧૯/૦૯/૨૦૨૫નું બીડાણ**

| | | |
|---|---|---|
| વાઘોડિયા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૩૫૪૯ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૬ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૩૯૨૫ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : ૪૩૧૭ |
| | | સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૫૩૩ |
| બેઠકોની સંખ્યા | ૨૪ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૨ | (અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત) |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ અનુસૂચિત જાતિ સ્ત્રી |
| અનુ. આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૪ | તે પૈકી ૨ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૫ | તે પૈકી ૨ બેઠકો પછાતવર્ગ સ્ત્રી |
| કુલ અનામત બેઠકો | ૧૮ | |
| સામાન્ય બેઠકો | ૦૬ | |

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૦૫૩ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૦૭૮ | પછાત વર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૩૫૬૨ | પછાત વર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૪ | ૪ | ૪૧૦૮ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૫ | ૫ | ૩૭૬૪ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૬ | ૬ | ૩૯૮૪ | અનુસૂચિત જાતિ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| | **કુલ** | **૨૩૫૪૯** | | | | |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

---



Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:50:43 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar